ધાર્યું તે થવાનું તો શું વ્યર્થ આ પછાડ, તારે શરણે થાઉં ન-ચિંત, એવો દિ' દેખાડ...

| નવા કેસ | |
|---|---|
| રાજ્ય | ૯૬૦ |
| અમદાવાદ | ૧૯૯ |
| ગાંધીનગર | ૩૪ |

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૩૦ ૧૯ જુલાઈ, ૨૦૨૦, રવિવાર; અષાઢ વદ - ૧૪ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# રામમંદિરનું ૫મી ઓગસ્ટે ભૂમિપૂજન

### વડાપ્રધાન મોદીને પત્ર લખીને આધારશિલા રાખવાના પ્રસંગે રામ મંદિરના ભૂમિ પૂજન માટે આમંત્રિત કર્યા : શ્રાવણમાં ભૂમિ પૂજનની ઈચ્છા : મહંત કમલ નયનદાસ

અયોધ્યા, તા. ૧૮

રામ મંદિર નિર્માણનું કાર્ય ટૂંક સમયમાં જ શરૂ થઈ શકે છે. સૂત્રો દ્વાર મળતા અહેવાલ પ્રમાણે ઓગસ્ટની પાંચમી તારીખના રોજ ભૂમિ પૂજન કાર્ય થશે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ આ કાર્યક્રમમાં સામેલ થઈ શકે છે. શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના અધ્યક્ષના ઉત્તરાધિકારી મહંત કમલ નયન દાસે જણાવ્યું હતું કે, ટ્રસ્ટના અધ્યક્ષ નૃત્ય ગોપાલ દાસે વડાપ્રધાન મોદીને પત્ર લખીને આધારશિલા રાખવાના પ્રસંગે રામ મંદિરના ભૂમિ પૂજન માટે આમંત્રિત કર્યા છે. જો કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિને લઈ હજુ સુધી કોઈ સત્તાવાર જાણકારી નથી મળેલી. મહંત કમલ નયન દાસે પહેલા જ જણાવ્યું હતું કે ટ્રસ્ટ શ્રાવણ મહીના દરમિયાન રામ મંદિર નિર્માણ માટે ભૂમિ પૂજન કરવા માંગે છે. જો કે અયોધ્યામાં ભવ્ય રામ મંદિર નિર્માણ કાર્ય શરૂ કરવાની પ્રક્રિયા ક્યારે શરૂ થશે તે નક્કી નથી. આ અંગેનો નિર્ણય લેવા માટે આજે અયોધ્યાના સર્કિટ હાઉસમાં શ્રીરામજન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની મહત્વની બેઠક યોજાવા જઈ રહી છે. આ બેઠકમાં મંદિર નિર્માણ સમિતિના ચેરમેન નૃપેંદ્ર મિશ્રા પણ હાજર રહેશે. તેઓ ૧૬મી જુલાઈથી જ અયોધ્યામાં હાજર છે. બીએસએફના પૂર્વ મહાનિદેશક અને રામ જન્મભૂમિ ટ્રસ્ટના સુરક્ષા સલાહકાર કે કે શર્મા પણ તેમના સાથે ત્યાં પહોંચ્યા છે. તેમના સાથે જ મોટી સંખ્યામાં એન્જીનિયર્સની ટીમ પણ અયોધ્યામાં હાજર છે જે મંદિર નિર્માણની સૂક્ષ્મ બાબતો પર ધ્યાન રાખી રહી છે. રામ મંદિરનું મોડલ તૈયાર કરનારા ચંદ્રકાંત સોમપુરા સિવાય તેમના દીકરા નિખિલ સોમપુરા પણ અયોધ્યા પહોંચ્યા છે જે આજની બેઠકમાં સામેલ થઈ શકે છે. મંદિર નિર્માણની તારીખોને લઈ સતત અટકળો ચાલી રહી છે. આ સંજોગોમાં આજની બેઠકમાં આ તારીખ પર મહોર લાગે તેવી આશા છે. આ ટ્રસ્ટની રચના અયોધ્યામાં રામ મંદિર નિર્માણ કાર્યની દેખરેખ માટે સુપ્રીમ કોર્ટના આદેશાનુસાર રચવામાં આવ્યું છે.

# કાશ્મીરમાં ૨૪ કલાકમાં છ આતંકી ઠાર

શ્રીનગર,તા.૧૮

જમ્મુ-કાશ્મીરમાં આતંક સામે એક મોટો અભિયાન ચાલી



રહ્યું છે. સુરક્ષા દળો આતંકને નાબૂદ કરવા માટે સતત પ્રયાસ કરી રહ્યા છે. શનિવારે સવારે સુરક્ષા દળોએ શોપિયાં જિલ્લાના અમશિપોરા ખાતે એક્રાઉન્ટરમાં ત્રણ આતંકવાદીઓને ઠાર કર્યા હતા. છેલ્લા ૨૪ કલાકમાં કાશ્મીર ખીણની અંદર આ બીજી અથડામણ છે. અગાઉના એક્રાઉન્ટરમાં પણ સુરક્ષાદળોએ ત્રણ આતંકવાદીઓને ઠાર માર્યા હતા. આ રીતે, છેલ્લા ૨૪ કલાકમાં ખીણમાં ૬ આતંકવાદીઓ માર્યા ગયા છે.

શનિવારે સવારે એક્રાઉન્ટર પૂર્વે સુરક્ષા દળોને આ વિસ્તારમાં આતંકવાદીઓના છુપાયેલા હોવાની બાતમી મળી હતી, જેના આધારે પોલીસ, સેના અને સીઆરપીએફની સંયુક્ત ટીમે સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું.

**શોપિયામાં સેનાએ ત્રણ આતંકીઓ ઠાર કર્યા**

દરમિયાન, પોતાને ઘેરાયેલું જોઈને આતંકીઓએ સુરક્ષા દળો પર ફાયરિંગ શરૂ કરી દીધું હતું. સુરક્ષા દળોએ આતંકીઓની ગોળીબારનો જવાબ આપતા જ ફાયરિંગ કર્યું હતું. આ જવાબી કાર્યવાહીમાં ત્રણેય આતંકવાદીઓ માર્યા ગયા હતા. એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે, દક્ષિણ કાશ્મીરના શોપિયાંના અમશિપોરામાં આતંકવાદીઓની હાજરીની બાતમીના આધારે સુરક્ષા દળોએ આ વિસ્તારને ઘેરી લીધો હતો અને ત્યાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. તેમણે કહ્યું કે આ દરમિયાન, આતંકીઓએ સુરક્ષા દળો પર ફાયરિંગ શરૂ કર્યું હતું, ત્યારબાદ દળોએ પણ જવાબી કાર્યવાહી કરી હતી. અધિકારીએ જણાવ્યું કે આ એક્રાઉન્ટરમાં ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા છે. શુક્રવારે કુલગામમાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે મુકાબલો થયો હતો. આમાં સુરક્ષા દળોએ જૈશ-એ-મોહમ્મદના ત્રણ આતંકીઓને ઠાર માર્યા હતા. આ રીતે, શુક્રવારથી શનિવારના ૨૪ કલાકમાં, સુરક્ષા દળના આતંકવાદીઓ સાથે બે એક્રાઉન્ટર થયા હતા.

# સંજય જૈનની ધરપકડ

### આઇટીએ દરોડામાં ૧.૭ કરોડ રોકડ,ઘરેણાં જપ્ત કર્યા

રાજસ્થાનમાં રાજકીય નાટક વચ્ચે એસઓજીની એક ટીમે મોટી કાર્યવાહી કરી છે. રાજસ્થાન પોલીસના સ્પેશિયલ ઑપરેશન ગ્રુપે આઈપીસીની કલમ ૧૨૪ અને ૧૨૦બી અંતર્ગત સંજય જૈનની ધરપકડ કરી લીધી છે. બીજી તરફ આઈટી વિભાગની એક મોટી કાર્યવાહી પણ સામે આવી છે. આવકવેરા વિભાગે બે દિવસ પહેલા કરેલા દરોડામાં ૧.૭ કરોડ રૂપિયાની રોકડ અને ઘરેણા જપ્ત કર્યા છે. ઘરેણાઓની કિંમત ૧૨ કરોડથી વધારે કહેવામાં આવે છે.







### મધ્ય પ્રદેશમાં ધારાસભ્ય સુમિત્રા દેવી કાસ્ડેકરેનું કોંગ્રેસમાંથી રાજીનામું

ભોપાલ,તા.૧૮

મધ્યપ્રદેશમાં કોંગ્રેસના વધુ એક ધારાસભ્ય સુમિત્રા દેવી કાસ્ડેકરે વિધાનસભાના સભ્ય પદ પરથી રાજીનામું આપીને ભારતીય જનતા પાર્ટીનું સભ્ય પદ સ્વીકાર્યું છે. રાજ્ય સભાના સભ્ય જ્યોતિરાદિત્યએ તેમનું સ્વાગત કરતા કહ્યું કે સુમિત્રા દેવીનો આ નિર્ણય રાજ્યના હિતમાં છે.

### રેલવેના કોન્ટ્રાક્ટને રદ્દ કરવાના નિર્ણયને ચાઈનીઝ કંપનીએ કોર્ટમાં પડકાર્યો

ન્યુ દિલ્હી,તા.૧૮

રેલવે દ્વારા જાહેર એકમોમાં કામની મંદ ગતિને પગલે ચાઈનીઝ ફર્મ પાસેથી સિગ્નલિંગ અને ટેલિકોમ વર્ક સંદર્ભે ૪૭૧ કરોડ રૂપિયાનો કોન્ટ્રાક્ટ રદ્દ કરી દીધો છે. આ મામલે હવે ચીની ફર્મે રેલવેના નિર્ણય સામે હાઈકોર્ટના કોર્ટના દરવાજા ખખડાવ્યા છે. આ કામ કાનપુર અને મુગલસરાય વચ્ચે ૪૧૭ કિમી લાંબા કોરિડોર પર કરવામાં આવવાનું હતું.

### કોંગ્રેસના આંતરિક વિવાદનું પરિણામ જનતા ભોગવી રહી છે : વસુંધરા રાજે

રાજસ્થાનના રાજકીય ઘટનાક્રમ અંગે પૂર્વ મુખ્યંત્રી વસુંધરા રાજેએ પહેલી વખત નિવેદન આપ્યું છે. તેમણે ટ્વિટ કરીને કહ્યું છે કે કોંગ્રેસનો આંતરિક વિવાદનું નુકસાન રાજ્યની જનતા ભોગવી રહી છે.

### પુંછમાં ગોળીબારમાં ત્રણ ભારતીય નાગરિકોના મોત

જમ્મુ કાશ્મીરમાં નફફટ પાકિસ્તાને ફરી એકવાર સીઝફાયરનું ઉલ્લંઘન કર્યું હતું, જમ્મુ કાશ્મીરના પૂંછ સેક્ટરમાં પાકિસ્તાને સીઝફાયરનું ઉલ્લંઘન કરી બેફામ ગોળી બાર કર્યો હતો. ગોળીબારમાં ત્રણ સ્થાનિકોના મોત થયા છે.







